| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૭/૦૫/૨૦૨૩  બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## વસ્ત્રાપુર મહિલા વેસ્ટ પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ ટીમ પરણીત સ્ત્રીની મદદે આવી તેમના પતિના ત્રાસ માંથી મુક્ત કરાવ્યા

તા.૧૦/૦૫/૨૦૨૩ ના રોજ ૧૮૧ અભયમ હેલ્પલાઇન પર એક પરણીત મહિલાનો ફોન આવે છે અને તેમને તેમના પતિ માર મારી શારીરીક અને માનસીક ત્રાસ આપતા હોવાનુ જણાવે છે. જેથી વસ્ત્રાપુર મહિલા વેસ્ટ પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમની ટીમ તુરંત મહિલા પાસે પહોચી જાય છે અને મહિલાની પુછપરછ કરતા મહિલા જણાવે છે કે તેમના પતિને અગાઉ આ મહિલાની કાકાની છોકરી સાથે પ્રેમસબંધ હતો અને તેને કારણે ખુબ ઝઘડા થયેલ હતા અને તેના કાકાની છોકરીના પાડોશીનુ મોત નિપજાવવા બદલ આ મહિલાના પતિ ચાર વર્ષ સુધી સેન્ટ્રલ જેલમા રહેલ અને મહિલાએ ખુબ દોડધામ કરી દેવુ કરી જેમ તેમ કરીને તેમના પતિને જેલમાથી છોડાવેલ અને હાલ તેમના પતિ ઓર્ડર મુજબ ડ્રાઇવીંગ કરવા જાય છે. પરંતુ તેમના પતિ એક બીભત્સ વીડીયો જોઇ જાય છે અને તે આ મહિલાનો જ છે તેમ સમજીને મહિલા પર શક કરે છે અને તેની સાથે મારઝુડ કરતા હોય વસ્ત્રાપુર મહિલા વેસ્ટ પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમની ટીમ આ મહિલા તથા તેમના પતિને સમજાવે છે અને આ મહિલાને તેના પતિ તરફથી થતી હેરાનગતીથી મુક્ત કરાવે છે અને તેમના પતિને મારઝુડ નહિ કરવા સમજાવે છે અને તેમને આ બાબતે કાયદેસર કાર્યવાહી કરવી હોય જેથી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે હેન્ડ-ઓવર કરવામા આવે છે.

**કામગીરી કરનાર ટીમ :-** મહિલા વેસ્ટ પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ ટીમ



**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૯૫/૨૦૨૩</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૨૧૩ લીટર દેશી દારૂ, ૯૫૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫૬ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૩૪૪ બીયરટીન, ૦૧ સ્કુટર અને ૦૫ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૦,૨૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૯૬/૨૦૨૩</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**<u>ડુબી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૯૭/૨૦૨૩</u>**

**મણીનગરઃ-** રાજુ વિશારામ મિણા (ઉ.વ.૨૨)(રહે.જનક એસ્ટેટ નંબર-૬ સેઠીયા એંટરપ્રાઈઝ રખિયાલ, મુળ વતનઃ ગામ-સામુનિ તા-આહોર જી-ઝાલોદ રાજસ્થાન) તા.૧૬/૦૫/૨૦૨૩ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના મિત્ર દિપારામ ભગારામ સરગરા સાથે કાંકરીયા આવેલ અને કાંકરિયા ગેટ નંબર-૫ સામે આવી દિપારામને જણાવેલ કે, “મને ગરમી લાગે છે મને તરતા આવડે છે” તેમ કહી રાજુ મિણા કાંકરિયા તળાવમાં નાહવા પડેલ અને તળાવમા પડતાની સાથે પાણીમા ડુબી જતા રાજુ મિણાનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.વાઘેલા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૯૮/૨૦૨૩</u>**

**મેઘાણીનગરઃ-** કિંજલબહેન વા/ઓ અમીતભાઇ મેણા (ઉ.વ.૨૬)(રહે.ગુ.હા. બોર્ડ, ડમરુ સર્કલ પાસે, મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૫/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા સાસરીમા છતના હુક સાથે દોરી અને દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “જી” ડીવીઝન નાઓ ચલાવે છે.

**બાપુનગરઃ-** પરેશભાઇ રાજેશભાઈ કોષ્ટી (ઉ.વ.૨૮)(રહે,ચામુંડાનગર વિભાગ-૧ બજરંગ સોસાયટી ની બાજુમાં બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૫/૨૦૨૩ રાતના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે એસિડ પી લેતા, સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૫/૨૦૨૩ સવારના ૭/૦૦ વાગે પરેશભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

**મણીનગરઃ-** ભરતભાઇ પ્રભુલાલ કરેચા (ઉ.વ.૬૬)(રહે.શ્રીનીધી એપાર્ટમેન્ટ આમ્રકુંજ સોસાયટી જૈન દેરાસર પાસે કાંકરીયા રોડ મણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૫/૨૦૨૩ બપોરના ૧૨/૪૦ વાગ્યા પહેલા પોતાના ઘરે બેડરૂમની બારીના સળીયા સાથે સુતરના દોરડા બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઈ.આઈ.સૈયદ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી